અવિનયી રાજા કરતાં શાસકવિહીન રાજ્ય બહેતર છે
- ચાણક્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૮૩ | ૨ જૂન ૨૦૧૨, શનિવાર, જયેષ્ઠ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ઈમ્પેક્ટ ફીના દરમાં ધરખમ ઘટાડો

## ૧૦૦ ચો.મી. સુધીના ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા જંત્રીના દરો ધ્યાને લેવાશે નહીં, માત્ર ઉચ્ચક રકમ ભરાશે

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર, તા.૧

ગુજરાત સરકારે ઈમ્પેક્ટ ફીના દરોમાં ૫૦ ટકા કરતાં વધારે ઘટાડો કર્યો છે. રાજ્યની અનિયમિત મિલકતોને નિયમિત કરવા અંગેના ફી ના ધોરણોમાં ઘટાડા ઉપરાંત પદ્ધતિમાં સરળીકરણ કર્યું છે. ૧૦૦ ચો.મી. સુધીના બાંધકામોને નિયમિત કરવા માટે જંત્રીના દર ધ્યાને લીધા સિવાય ઉચ્ચક રકમ ભરવાની રહેશે.

**ઇમ્પેક્ટ ફીના મિનિમમ દર ૧૨૫૦૦ અને વધુમાં વધુ ૨૫૦૦૦ રહેશે, લિમિટ કરતાં વધારે હશે તો પ્રતિ ચો.મી. ભાવ**

ઈમ્પોકટ ફી ના ઘટાડેલા દરોની જાહેરાત કરતાં શહેરી વિકાસ મંત્રી નિતીન પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે ૨૫ ચો.મી.કરતાં ઓછું અનધિકૃત બાંધકામ ધરાવતા માલિકો ધંધાદારી કે રહેઠાણનો ઉપયોગ કરતા હશે તો પણ તેઓ વધુમાં વધુ ૧૨૫૦૦ની ફી ભરી તેને નિયમિત કરાવી શકશે. ૨૫ ચો.મી. થી વદારે અને ૫૦ ચો.મી. સુધીના બાંધકામો માટે ૨૫ ચો.મી. સુધીના ભાગ માટે ૧૨૫૦૦ અને તે પછીના પ્રત્યેક ચો.મી.માં ૫૦૦ ઉચ્ચક ફી લેવાશે.

૫૦ થી વધુ અને ૧૦૦

● અનુસંધાન પાન-૭ પર

### ચો.મી. પ્રમાણે કોને કેટલી ઇમ્પેક્ટ ફી ભરવાની રહેશે

ગાંધીનગરમાં ૨૫ ચો.મી.સુધીનું અનધિકૃત બાંધકામ હોય તો માલિકે ૧૨૫૦૦ ભરવા પડશે પરંતું ૪૫ ચો.મી. હશે તો ૧૨૫૦૦ ઉપરાંત પ્રતિ વધારાના બાંધકામમાં ચો.મી. લેખે ૫૦૦ ના હિસાબે ૨૨૫૦૦ ભરવા પડશે. એવી જ રીતે ૫૦ ચો.મી.નું અનધિકૃત બાંધકામ હોય તો ૨૫૦૦૦ ભરવા પડશે અને ૮૫ ચો.મી. હોય તો પ્રતિ ચો.મી. લેખે ૧૦૦૦ ગણતાં કુલ ૬૦૦૦૦ ભરવા પડશે. ટૂંકમાં ૧૦૦ ચો.મી. સુધીના ગેરકાયદે બાંધકામો માટે વધુમાં વધુ ૭૫૦૦૦ ભરી તે બાંધકામ નિયમિત કરી શકાશે.

### હાઉસીંગ બોર્ડના રહીશો મોટો લાભ ઉઠાવી શકશે

ગાંધીનગરમાં હાઉસીંગ બોર્ડના મકાનોમાં રહેઠાણ કમ ધંધાદારી ઉપયોગ થાય છે. ઈમ્પેક્ટ ફી ના ઘટાડેલા દરોનો આ પરિવારો લાભ લઈ શકે છે. શહેરના સેક્ટર-૨૪, ૨૫, ૨૬, ૨૭ અને સેક્ટર-૩૦માં સૌથી વધુ અનધિકૃત બાંધકામો છે હવે આ પરિવારોને તેમના ગેરકાયદે મકાનો નિયમિત કરવાનો મોકો મળ્યો છે.

હાઉસીંગ બોર્ડના મકાનોમાં કોમર્શિયલ પ્રવૃત્તિ ચાલતી હશે તે પણ કાયદેસર થઈ શકશે, પરંતુ ૭૫ ટકા ભાગ રહેણાંકના હેતુ માટે હોવો જોઈશે. સરકારે પાર્કિંગના નિયમો હળવા કર્યા છે પણ ફી નું ધોરણ વધારે ઘટાડ્યું નથી.








પંજાબનો તડકો કે ગુજરાતનો ચસ્કો, ફક્ત એક જ જગ્યાએ
AGORA MALL
High-end destination
@ 200 Ft. Ring Road, Between Tapovan & Bhat Circle
www.sbm.in




